સરકારી ખર્ચમાં કરકસરને કારણે ઉપલી જગ્યાઓ પર બઢતીઓ આપવાની પસંદગી યાદીઓ તૈયાર કરવા પર નિયંત્રણો મુકવા બાબત.

ગુજરાત સરકાર.
સામાન્ય વહીવટ વિભાગ.
પરિપત્ર ક્રમાંક: એમએલટી - ૧૦૯૩ - ૧૩૭૬ - ગ.૨.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૮ / ૯ /૧૯૯૩.

વંચાણે લીધા :- (૧) સા.વ.વિ.ના તા. ૨૭-૧-૭૮ નો પરિપત્ર ક્રમાંક:બીએસી-૧૫૬૬-ક.

(૨) સા.વ.વિ.નો તા. ૧૮-૬-૮૪ નો ઠરાવ ક્રમાંક:એમએલટી-૧૦૮૩-૩૪૫૫-(૧)-ગ.૨.

(૩) ના.વિ. નો તા. ૨૮-૧૦-૯૨ નો ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૯૧-૧૩૩૭-ઝ.૧.

(૪) ના.વિ.નો તા.૨૮-૧૨-૯૨નો પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૨-૧૪૩૨-ઝ.૧.

## પ રિ પ ત્ર

ઉપરુ સંદર્ભ- (૧) અને (૨) હેઠળના આ વિભાગના તા. ૨૭-૧-૭૮ અને તા. ૧૮-૬-૮૪ના આ વિભાગના પરિપત્ર અને ઠરાવમાં દર વર્ષે એક વર્ષની મુદત માટે ઉપલી જગ્યાઓ પર બઢતીઓ માટેની પસંદગી યાદીઓ બનાવવાં કઈ કઈ ખાલી જગ્યાઓ ગણતરીમાં લેવી તે અંગે વખતોવખત જરૂરી સૂચનાઓ / હુકમો બહાર પાડવામાં આવેલા છે. સરકારના નાણા વિભાગના તા. ૨૮-૧૦-૯૨ ના ઠરાવ અને તા. ૨૮-૧૨-૯૨ના પરિપત્ર હેઠળ સરકારી ખર્ચમાં કરકસરને કારણે વિવિધ સંવર્ગોની મંજૂર કરેલી જગ્યાઓના કુલ સંખ્યાબળના ઓછામાં ઓછા ૧૦ ટકા કાપ મુકવા જે સૂચનાઓ / હુકમો બહાર પાડવામાં આવેલા છે તે પ્રમાણેની વિવિધ સંવર્ગોની મંજૂર કરવામાં આવેલી કુલ જગ્યાઓના સંખ્યાબળના ૧૦ ટકા કાપ મુકયા પછી ભરવાપાત્ર થતી ખાલી જગ્યાઓ ભરવા નાણા વિભાગની અનુમતિ મેળવ્યા બાદ આ વિભાગના ઉપરોકત પરિપત્ર / ઠરાવ પ્રમાણે ખાલી જગ્યાઓની ગણતરી કરી ઉપલી જગ્યાઓ પર બઢતીઓ આપવા માટેની પસંદગી યાદીઓ તૈયાર કરવા આથી સૂચનાઓ આપવામાં આવે છે.

૨. સરકારની ઉપરોકત સૂચનાઓનું ચુસ્ત અને કડકપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગો અને તેમની હેઠળના ખાતાના વડાઓ / કચેરીઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.કે. [illegible] )
સંયુકત સચિવ.
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
બધા મંત્રીશ્રીઓના અગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
X રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (૧૦ નકલો)
X સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ (૧૦ નકલો)
X સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
મુકામી ઓડીટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
બધા કલેકટરો.
સચિવાલયના બધા વિભાગો.
સચિવાલયના જુદા જુદા વિભાગો હેઠળના બધા ખાતાના વડાઓ અને બધી કચેરીઓના વડાઓ.
સા.વ.વિ.ના તમામ વર્ગ-૧ ના અધિકારી.
સામાન્ય વહીવટ વિભાગની બધી શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.